# શ્રી જૈન સાહિત્ય અકાદમી ટ્રસ્ટ,મુંબઈ.

## વ્યાખ્યાનમાળા - ૨૦૨૨/૨૩

## જૈન ધર્મના વૈજ્ઞાનિક સત્યો/તથ્યો અને તેનું વ્યવહારિક જીવનમાં અનુસરણ

## વ્યાખ્યાન-૧૭ જૈન કોસ્મોલોજી વર્સીસ મોર્ડન યુનિવર્સ

**વ્યાખ્યાતા- આચાર્ય શ્રી નંદિઘોષસૂરીજી મહારાજ**

**તારીખ –૧૪/૦૪/૨૦૨૩**

જૈન કોસ્મોસ એટલે કે જૈન પરંપરાનું યુનિવર્સ. જૈન પરંપરામાં બ્રહ્માંડ અંગે ઘણી બધી વિચારણાઓ કરવામાં આવી છે અને વિવિધ ગ્રંથો તથા આગમોમાં તેનું વર્ણન આપણને પ્રાપ્ત થાય છે સૂર્ય પ્રગ્યપતી ચંદ્ર પ્રજ્ઞપતિ બૃહદ સંગ્રહ આ બધા જ ગ્રંથો છે એ એની અંદર જૈન દર્શનના બ્રહ્માંડની બધી હકીકતો ના વર્ણન આપણને પ્રાપ્ત થાય છે. અને એ અનુસાર જૈન દૃષ્ટિએ બ્રહ્માંડ ચાર 14 રાજલોક એટલે કે એના 14 વિભાગ બતાવવામાં આવ્યા છે. અને એનો જે આકાર છે એ બે પગ પહોળા કરીને કમર ઉપર બે હાથ રાખીને ઊભેલા પુરુષ જેવું આકાર છે. અહીં આપણે એ ચિત્રમાં જોઈ શકીએ છીએ આ ચિત્ર તો સુશોભાન બનશે પણ એની વચ્ચે અંદર જે ચોરસ બતાવ્યા છે એ હકીકતમાં જૈન કોષ છે કોસ્મોસ છે જૈન લોક છે. જે નીચે સાત નરકનો વિસ્તાર બતાવ્યો છે ઉપરના ભાગમાં દેવલોક બતાવ્યા છે એની આજુબાજુ પણ જે ચોસલા બતાવ્યા છે એ આપણા જૈન પરંપરા ના લોક એટલે કે બ્રહ્માંડનો વિસ્તાર છે. આજુબાજુ હાથ અને નીચે પગ બતાવવામાં આવ્યા છે મસ્તકની આજુબાજુ જે ડિઝાઇન કરવામાં આવી છે એ માત્ર સુશોભન કરવામાં આવ્યું છે. આ રીતે 14 રાજલોકનું ચિત્ર આપણને જૈન હસ્તપ્રતોમાં મળે છે. એમાંનું આ લગભગ 300 થી 350 વર્ષ જૂનું હસ્તપ્રતનું ચિત્ર છે.

આ ચિત્રમાં ઉપરના ભાગને ઉર્ધ્વલોક કહે છે તે લગભગ સાત રાજલોકની ઊંચાઈ તથા પાંચ રાજલોકની પહોળાઈ ધરાવે છે . એટલે પાંચ રાજલોક એ એક જાતનું માપ છે. આખું જે

બ્રહ્માંડ છે એના ઉપરથી નીચે સુધીનો જે વિસ્તાર છે એના 14 ભાગ કરવામાં આવ્યા છે અને દરેકને રાજલોક કહેવામાં આવ્યું છે. શાસ્ત્રીય પરંપરા પ્રમાણે એક રાજલોકનું માપ એમાં અસંખ્યતા યોજન આવે છે એટલે અસંખ્યતા યોજન બરાબર એક રાજલોક માનવામાં આવ્યો છે. અહી તીરછા લોક માત્ર 1800 યોજનની ઊંચાઈ ધરાવે છે અને તે એક રાજલોક લાંબો તથા એક પહોળો છે. તો નીચેના ભાગને અધોલોક કહે છે તે સાત રાજલોક ઊંચો છે અને અનુક્રમે નીચે નીચે જતા પહોળો થતા છેલ્લે સાત રાજલોક લાંબો પહોળો છે. આ રીતે આ ચિત્રમાં વચ્ચેના ભાગની અંદર જંબુદ્વીપ નું ચિત્ર બતાવવામાં આવ્યું છે એ તીરછા લોક તરીકે છે. ઉર્ધ્વલોકમાં ૧૨ દેવલોક નવ ગ્રેવીયક પાંચ અનુત્તર દેવોના સ્થાન છે એની ઉપર સિદ્ધ શીલા બતાવવામાં આવી છે જ્યાં સિદ્ધના જીવોનું કાયમી સ્થાન છે જ્યારે નીચેના અધોલોકમાં સાત નારકી છે. તેમાં પહેલી નારકીની ઉપર ભવનપતિ નીકાય દેવોનો નિવાસ છે. તેની ઉપર વ્યન્તરનિકાય દેવોનો તથા ઉપર વાણ વ્યંતર દેવોનો નિવાસ છે વાળ વ્યંતતર દેવોનો નિવાસ છે તો આ રીતે નીચે સાત નારકીમ ભવનપતિ દેવો અધો લોકમાં સાત નારકી માં ઉપર દેવોના સ્થાન આવેલા છે આ રીતે ચૌદ રાજ લોકની અંદર ઉર્ધ્વ લોક અને અધો લોકની વ્યવસ્થા બતાવવામાં આવી છે.

તિરછા લોકમાં અસંખ્ય દ્વીપ અને સમુદ્ર છે. તેની વચ્ચે મધ્યમાં એક લાખ યોજન લાંબો પહોળો જંબુદ્રીપ છે. તેની ફરતે બે લાખ યોજન પહોળો બંગડીના આકારમાં લવણ સમુદ્ર છે. તેની ફરતે ચાર લાખ યોજન પહોળો ધાતકી ખંડ છે. તેની આસપાસ આઠ લાખ યોજન પહોળો કાલોદધિ સમુદ્ર અને તેની ફરતો આઠ લાખ યોજન પહોળો પુષ્કરઅર્ધ દ્વીપ છે. એની પહોળાઈ ૧૬લાખ યોજન છે. આમ કુલ અઢી દ્વીપ અને બે સમુદ્ર સહિત 45 લાખ યોજન લાંબું, પહોળું મનુષ્ય ક્ષેત્ર છે. હવે જે મનુષયક્ષેત્ર છે બતાવવામાં આવ્યા અઢી દ્વીપ જે બતાવવામાં આવ્યા એ આપણા માટે બહુ મહત્વના છે. આ ક્ષેત્રની અંદર જ મનુષ્યના જીવન મરણ થાય છે જન્મ મરણ થાય છે. એને સમય ક્ષેત્રફળ કહેવામાં આવે છે. અહીં મેરુ પર્વતની આજુબાજુ સૂર્ય અને ચંદ્ર છે એ એની પ્રદક્ષિણા કરે છે અને એના કારણે દિવસ અને રાત થાય છે એટલે આજે દ્વીપ છે એને મનુષ્ય ક્ષેત્રની સાથે સાથે સમય ક્ષેત્ર કહેવામાં આવે છે. પ્રત્યેક

સૂર્ય ચંદ્ર દીઠ 88 88 ગ્રહો છે અને નક્ષત્ર સ્વરૂપ તારા સમૂહ છે. અઢી દ્વીપ ની અંદર કુલ 66 66 એટલે બંને બાજુ 66 સૂર્ય અને 66 ચંદ્ર છે એટલે કુલ 132 ચંદ્ર અને 132 સૂર્ય આવેલા છે અને દરેક સૂર્ય ચંદ્ર દીઠ 88 88 ગ્રહો આવેલા છે. સામાન્ય રીતે વર્તમાન જે યુનિવર્સ છે એમાં આપણી જે ગ્રહમાંલા છે એમાં સૂર્ય અને ચંદ્ર છે સૂર્યને તારા તરીકે લેવામાં આવેલ છે અને ચંદ્રને પૃથ્વીના ઉપગ્રહ તરીકે લેવામાં આવ્યો છે. એ સિવાય બુદ્ધ મંગળ ગુરુ શુક્ર શનિ એ ગ્રહો બતાવવામાં આવ્યા છે અને એની સાથે નેપ્ચ્યુન પ્લુટો યુરેનસ હર્ષલ બીજા ત્રણ ગ્રહો પણ બતાવવામાં આવ્યા છે જ્યારે જૈન પરંપરાની અંદર સૂર્ય ચંદ્ર રાહુ કેતુને બાદ કરતા 12 માંથી આઠ જ ગ્રહો છે એની જગ્યાએ આપણે ત્યાં 88 ગ્રહો બતાવવામાં આવ્યા છે તો આ જૈન દર્શન ની એક વિશિષ્ટતા છે. આ સૂર્ય ચંદ્ર ના કારણે દિવસ અને રાતનું સ્વરૂપ થાય છે.આ રીતે મનુષ્ય ક્ષેત્રની અંદર દિવસ અને રાત થાય છે.

ખાસ જોવાની અને સમજવાની જરૂર છે કે મનુષ્ય ક્ષેત્રની અંદર જે દિવસ અને રાત થાય છે એના અનુસાર જ સાતે નરક અને ઉપરના દેવલોક છે ત્યાં તો કોઈ સૂર્ય ચંદ્ર છે જ નહીં ત્યાં સમય જેવું કંઈ છે જ નહીં પણ એ બધાના આયુષ્ય ની ગણતરી આ મનુષ્ય ક્ષેત્રના જે સૂર્ય ચંદ્ર છે એ જે પ્રદક્ષિણા કરે છે અને એના જે દિવસ રાત અને વરસ વગેરે વ્યતીત થાય છે એના પ્રમાણે એ બધાના આયુષ્ય ગણાય છે એટલે આ વસ્તુ બહુ મહત્વની વસ્તુ છે. તીરછા લોકોની વાત કરીએ તો એમાં જમ્બૂ દ્વીપ મહત્વની વસ્તુ છે. જૈન અને હિન્દુ બંને પરંપરામાં જંબુદ્વીપ આવે છે. જૈન પરંપરા ના વર્ણન પ્રમાણે ફક્ત જંબુદ્રીપમાં મનુષ્યને ઉત્પન્ન થવાના ક્ષેત્ર તરીકે ભરત, ઐરાવત છે. અને મહાવિદેહની 32 વિજય (ક્ષેત્ર) અને લવણ સમુદ્રમાં 56 અતરદ્વીપ સ્વરૂપ ક્ષેત્રો છે. મનુષ્ય ક્ષેત્રમાં કુલ 101 ક્ષેત્ર મનુષ્યને ઉત્પન થવા માટેના છે. તેમાં દક્ષિણ તરફ ભરત ક્ષેત્ર છે અને તેની મધ્યમાં 14471 યોજન લાંબો વૈતાઢ્ય પર્વત છે, જે ભરત ક્ષેત્રના ઉત્તર દક્ષિણ એવા બે ભાગ કરે છે અને તેના ગંગા અને સિન્ધુ નામની નદીઓ ત્રણ ત્રણ ભાગ કરે છે. તેમાંના દક્ષિણ ભરતના મધ્ય ભાગમાં આપણી વર્તમાન પૃથ્વી આવેલી છે. તેવું માત્રમાનવામાં આવે છે. અત્યારે તમે કોઈપણ આચાર્ય ભગવનતને પૂછો કે આપણી જે વર્તમાન પૃથ્વી છે એ કેટલા પ્રમાણની છે અને એનું એક્ઝેટ લોકેશન કયું તો એ

કોઈને પણ ખબર નથી એટલે મોટાભાગે દરેક આચાર્ય ભગવનત કે કોઈ દરેક વિદ્વાન સાધુ ભગવાન તો આ પ્રમાણે તેઓ જવાબ આપે છે કે કોક જગ્યા છે. આ માત્ર અનુમાન કરેલું વિધાન છે. હવે ખરેખર એવું છે કે નહીં એની આપણે તપાસ કરવાની છે એનું સોલ્યુશન જોવાનું છે.

જૈન ગ્રંથોમાં બતાવેલ આ વર્ણનને વર્તમાન ભૂગોળ અને ખગોળ સાથે જરા પણ મેળ મળતો નથી. આ પ્રશ્ન આપણા જોતો હોય છે શ્રોતાઓને મૂંઝવતો હોય છે અને ઘણા આચાર્ય ભગવાન તો અને ચિંતક સાધુ ભગવંતો છે વિદ્વાનો છે એમને પણ આ પ્રશ્ન સતાવતા હોય છે કે જૈન ગ્રંથોમાં જન્બુદ્વિપ અને ભરતક્ષેત્રનું વર્ણન છે આપણી જે વર્તમાન પૃથ્વી છે એનો આપણી સાથે કોઈ મેળ મળતો નથી. વર્તમાન  ભૂગોળ અને વિજ્ઞાન એને ગદા સ્વરૂપ ગુણ માને છે જ્યારે આપણે ત્યાં જંબુદ્વિપનું વર્ણન આવે છે અને એ અનુસાર પૃથ્વી થાળી જેવી ચપટી માનવામાં આવી છે. તે કારણથી ઘણા લોકો એમાં સાધુ ભગવાતો નો પણ સમાવેશ થઈ જાય છે કારણ કે જે સાધુભગવંત ચિંતક વિચારક છે જેમણે ગણિત વિજ્ઞાનનો પણ અભ્યાસ કરેલો છે એવા સાધુ ભગવાનતો અને અત્યારની જે ટેકનોલોજી છે એમાં સેટેલાઈટ ની મદદથી બધા આ બધું આપણે અનુભવીએ છીએ અને એનો ઉપયોગ કરીએ છીએ. સેટેલાઈટ ની મદદથી જે કાંઈ પૃથ્વી નું જે વર્ણન આપણને પ્રાપ્ત થાય છે કેવી કે વિડીયો દ્રશ્ય આપણને પ્રાપ્ત થાય છે એ વિજ્ઞાન સાચું હોય તો જ થઈ શકે છે. એટલે આપણા જૈન દર્શનમાં માનનારા ઘણા બધા લોકો જૈન ભૂગોળ- ખગોળને કાલ્પનિક માને છે. સાધુઓ પણ એવું માનતા હોય છે જૈન પરંપરાની આ ચાર 14 રાજલોકની જે સિસ્ટમ છે એ કદાચ હિન્દુઓમાંથી આપણામાં આવી હોવી જોઈએ અથવા તો પૂર્વના જે મહાન આચાર્ય ભગવાનતો છે એ હિંદુ ધર્મ તરફથી બ્રહ્માંડ વગેરેના જે કોઈ પ્રશ્નો હતા હોય એ પ્રશ્નોના જવાબ આપવા માટે આ પ્રમાણેના બ્રહ્માંડની કલ્પના કરી હોય એવું જે ચિંતન કરનારા એ આવું માનતા હોય છે.

પરંતુ જૈન દર્શન સર્વજ્ઞ કથિત હોવાથી તેને અસત્ય કે કાલ્પનિક માનવું યોગ્ય નથી. તો તેનું કોઈપણ સમાધાન મેળવવું આવશ્યક છે. જૈન ભૂગોળ-ખગોળને સમજવા માટે બીજા કોઈ

વિકલ્પ વિચારવા જરૂરી છે. તે સંદર્ભમાં જમશેદપુર-ટાટાનગરથી આવેલ ડૉ. જીવરાજ જૈન જે બહુ મોટા સાઇન્ટીસ્ટ છે અને એ ધાતુ વિજ્ઞાનના એન્જિનિયર હતા એમણે જર્મનીથી ડોક્ટરેટ કરેલ છે. એમણે જૈન દર્શન નો અભ્યાસ કર્યા પછી આજે જૈન કોસ્મોલોજીની ના જે પ્રશ્નો છે વિરોધાભાસ છે આધુનિક વિજ્ઞાન સાથે એ વિરોધાભાસ કઈ રીતે દૂર કરવા એના ઉપર એમને બહુ જ ચિંતન કર્યું છે ગહન ચિંતન કર્યું છે અને અને એ પછી વૈજ્ઞાનિક પદ્ધતિથી એનું સોલ્યુશન એનો ઉકેલ લાવવા માટે પ્રયત્નો કર્યા છે. એટલે એમના જે  વિચારો અને તેમણે આપેલ સમજ છે એ ખરેખર આપણે કહીએ તો આપણા જૈન ઇતિહાસમાં  એક ટરનીગ પોઇન્ટ સમાન છે.

આ સબ્જેક્ટ ઉપર એમણે 10 વર્ષ પહેલા મને પ્રેઝન્ટેશન બતાવેલું ફક્ત પાંચ મિનિટની અંદર એ પ્રેઝન્ટેશન એનો કોન્સેપ્ટ જે છે એ હું સમજી ગયો હતો એ પછી મેં બીજા બધા આચાર્ય ભગવાનતો છે એમને આ કન્સેપ્ટ સમજાવવા વિનંતી કરી. આજે કોન્સેપ્ટ છે એની જે વિભાવના છે હાઈપોથી એને તમે સમજાવો તો કદાચ અને એ બધાને સમજાય પછી અને આપણને સમજાય પછી એ લોકો સ્વીકારે તો આપણે આની અંદર આગળ વધે તો એ રીતે મેં એમને સૂચના કરી અને એ સૂચના પ્રમાણે એમણે સ્થાનકવાસી તેરાપંથી દિગંબર અને શ્વેતામ્બર સંપ્રદાયના ના ઘણા ઘણા આચાર્ય ભગવાન તો એમાંય ખાસ કરીને હસ્તિનાપુર ની અંદર જાંબુદ્વીપનો જે નિર્માણ કરવામાં આવ્યું છે એના સ્થાપક એના પ્રમોત્તર જે કોઈ મહાસતી જી કે સાધુ ભગવત હશે એ સિવાય પણ પાલીતાણામાં જે જમ્બુદીપ નું નિર્માણ કરવામાં આવ્યું છે એ નિર્માણ કરનાર અભયસાગરજી મહારાજ જેમની પાસેથી આ મને વૈજ્ઞાનિક સંશોધન કરવાનો દ્રષ્ટિકોણ મળ્યો છે એ અભય સાગરજી મહારાજ અને એમના શિષ્યો અશોક સાગરજી મહારાજ  જિનચંદ્રજી મહારાજ હેમચંદ્ર સાગરજી મહારાજ વગેરે આ વસ્તુ  સમજાવવા માટે એમને પ્રયત્નો કર્યા છે આ રીતે ડોક્ટર જૈનના જે વિચારો છે એમને બતાવેલ સ્ટ્રેટેજીકલ મેપ છે એની જે વિભાવના છે કોન્સેપ્ટ છે એ ખરેખર બહુ અદભુત છે. અને એ સ્વીકારવામાં આવે તો આધુનિક વિજ્ઞાન મોડન યુનિવર્સ અને જૈન યુનિવર્સ વચ્ચે જે વિરોધાભાસ છે એ સફળતાપૂર્વક દૂર કરી શકાય છે

મારી દૃષ્ટિએ જૈન ભૂગોળ-ખગોળ માટે બે વિકલ્પ છે. 1. જૈન દર્શનમાં પ્રસ્તુત ભૂગોળ-ખગોળ બહુ પાછળથી દાખલ કરવામાં આવી હોય, જે સર્વજ્ઞકથિત ન હોય. વળી તે હિન્દુ પરંપરાના બ્રહ્માંડના અનુકરણ સ્વરૂપ હોઈ શકે. જો એવું હોય તો તેને આધુનિક ભૂગોળ-ખગોળ સાથે બિલકુલ મેળ ન મળે તે સ્વાભાવિક છે. 2. જો જૈન ભૂગોળ-ખગોળ સર્વજ્ઞકથિત હોય તો તેની મૂળભૂત સમજ લુપ્ત થઈ ગઈ હોય. અને તેના વર્ણનને જે સ્વરૂપે છે તે જ સ્વરૂપે સ્વીકારી લીધું હોય. જ્યાં સુધી વિજ્ઞાનમાં આધુનિક યંત્રો અને સંશોધનો નહોતાં થયાં ત્યાં સુધી જૈન પરંપરા કે હિંદુ પરંપરામાં બ્રહ્માંડ છે એ વાતને સાચી માનવામાં આવતું હતું  પણ વિજ્ઞાનની પ્રગતી કરી અને આ બધા સાધનો દ્વારા બ્રહ્માંડનો તાગ મેળવવા માટે પ્રયત્ન કર્યો એ પછી સૂર્યને કેન્દ્રમાં માનવામાં આવ્યો અને એની આગળ પાછળ ગ્રહો પરિભ્રમણ કરતા છે એવું બતાવવામાં આવ્યું અને પૃથ્વીની આજુબાજુ ચંદ્ર પણ પરિભ્રમણ કરે છે એવું સિદ્ધ થઈ ગયેલી વસ્તુ છે. એટલે આ બધી વસ્તુઓ સિદ્ધ થઈ ગયેલી હોવાથી હવે આ બધા પ્રશ્નો ઉપસ્થિત થયા છે એટલે જૈન ભૂગોળ- ખગોળ પ્રમાણેઅત્યારે  કશું મળતું જ ન હોય તો તેને કઈ રીતે સત્ય માનવી કે અન્ય લોકોની પાસે તેનો સ્વીકાર કરાવવો. તે મહત્ત્વપૂર્ણ પ્રશ્ન છે.

જૈનપરંપરા ની સૌથી મહત્વની વાત ભંડારી સાહેબે પણ જૈન ભૂગોળ ખગોળ કે વિસંગત્યા વિસંગતિયા એના પર પ્રવચન આપ્યું હતું એમાં પણ એમણે આ વાત લીધી હતી.જૈન પરંપરાના યોજન અને લોકના માપ તથા કાળના માપ પણ બહુ જ જટિલતાવાળા છે. કાળનું જે માપ છે એમાં કલાક સેકન્ડ મિનિટ બરાબર છે પરંતુ આપણે જે માઇક્રો લેવલના કાળના માપનું સમય બતાવવામાં આવ્યું છે એ વિજ્ઞાનની મર્યાદા બહાર છે. એટલે સમય એવા કાળનું વિભાગ છે કે જેના બે ભાગ ક્યારેય પણ થઈ શકતા નથી અત્યારે આપણે કારળના યુનિટ તરીકે નાનામાં નાનું યુનિટ તરીકે સેકન્ડ લઈએ છીએ પણ આપ સેકન્ડના પણ ઘણા બધા ભાગ પડે છે. રેસ માટેની વોચ હોય છે સ્ટોક વોચ હોય છે એમાં સેકન્ડ નો 100 મો ભાગ એમાં  અઢારમાં ભાગ સુધી નું માપ બતાવવામાં આવે છે એટલે સેકન્ડના પણ ભાગ થઈ શકે છે જ્યારે જૈન પરંપરામાં કાળના અવિભાજ્ય અંશ તરીકે સમય બતાવવામાં આવે

છે એના ક્યારેય કોઈ વખત બે ભાગ થઈ શકતા નથી. અને લંબાઈની વાત કરીએ તો 14 રાજલોકની અંદર એક યોજન એનું કોઈ ચોક્કસ માપ આપણી પાસે નથી અને અસંખ્યતા યોજન એવું બતાવવામાં આવ્યું છે. અસંખ્ય કોને કહેવાય એ પણ એક જાતની ડીફાઈન કરવું એ પણ બહુ મોટો પ્રશ્ન છે કારણ કે આપણે ત્યાં એવું કહેવામાં આવે છે કે ઉત્કૃષ્ટ સંખ્યા હોય તો એની અંદર એક ઉમેરો તો અસંખ્યાત થઈ જાય. ઉત્કૃષ્ટ સંખ્યાને ડીફાઈન કરી શકાય તો માપી શકાતું હોય તો અને એમાં એક ઉમેરવામાં આવે તો પણ એ માપ તો સંખ્યાનું જ ગણાય એને અસંખ્યાતની પરિભાષામાં મૂક્યું છે એ બહુ મહત્વનો પ્રશ્ન છે. એનો કન્સેપ્ટ કઈ રીતનો છે એનો વિચાર કરવા આપણને જરૂરી છે. એટલે અસંખ્ય ની અંદર કેટલા યોજન આવે તેનું ચોક્કસ માપ મળવું મુશ્કેલ છે. તેને આધુનિક માપના સંદર્ભમાં મૂકવા જરૂરી છે. એમ કહેવામાં આવે છે કે અસંખ્ય યોજન બરાબર એક રાજલોક થાય છે. આ અસંખ્ય એટલે કેટલાં તેનું કોઈ ચોક્કસ માપ મળવું અશક્ય છે. તેની આપણે માત્ર કલ્પના જ કરી શકીએ પણ તે સત્ય હોય તેની કોઈ ખાત્રી નથી. આમ છતાં વર્તમાન વૈજ્ઞાનિક માપ કરતાં તે ઘણા મોટા હતા. તેમ કહેવામાં આવે એમાં કોઈ અતિશયોક્તિ નથી.

જૈન કોસ્મોસ ની અંદર સૌથી મહત્વની વાત આવે છે ગ્રહમાળાની. એમાં એના કેન્દ્ર તરીકે સૂર્ય અને ચંદ્ર છે એ બે મહત્વ જૈન દર્શન માં બતાવ્યા છે અને તત્વાર્થ સૂત્રમાં બતાવ્યું છે એ પ્રમાણે સૂર્ય ચંદ્ર ગ્રહ નક્ષત્ર અને તારા આ પાંચ પ્રકારના જ્યોતિષીક દેવ તરીકે બતાવવામાં આવ્યા છે. વૈજ્ઞાનિકો પણ કહે છે કે સૂર્ય પણ  અસંખ્યાત છે ચંદ્ર પણ તારા પણ અસંખ્યત છે વૈજ્ઞાનિકો જે કહે છે એ વાત જૈન દર્શન ને પણ માન્ય છે. આપણે પ્રથમ વાત કરી એમ 132 સૂર્ય અને 132 ચંદ્ર એ અઢી દ્વિપની અંદરના બતાવવામાં આવ્યા છે અઢી ની બહાર દ્વીપ ની બહાર અસંખ્યતા દ્વીપ  અને સમુદ્ર આવેલા છે અને એમાં આગળના દ્વિપના જે સૂર્ય અને ચંદ્ર છે એના કરતાં બમણા બમણા સૂર્ય અને ચંદ્ર છે. ફક્ત અઢીદ્વિપના સૂર્ય ચંદ્ર અને એની બહારના સૂર્ય ચંદ્રમાં તફાવત એટલો છે કે જે અંદરના છે એ મેરુ ની પ્રદિક્ષણા દે છે જ્યારે બહારના જે સૂર્ય ચંદ્ર છે એ સ્થિર છે એટલે ત્યાં દિવસ રાત જેવું કશું હોતું નથી એટલે

વિજ્ઞાનીઓ જે કહે છે એ વાતનું જૈન દર્શન ઇન્કાર કરતું નથી. અત્યારે આપણી વર્તમાન પૃથ્વી પર જ મનુષ્યની વસ્તી છે એની વસ્તી અત્યારે બ્રહ્માંડમાં બીજા પૃથ્વીમાં કે ક્ષેત્રમાં હોવાની સંભાવના વિજ્ઞાન પણ સ્વીકારે છે અને ધર્મ પણ સ્વીકારે છે એટલે જૈન દર્શન પણ સ્વીકારે છે. એટલે આ બહુ મહત્વનો બંને સામ્ય છે માત્ર કોન્સેપ્ટમાં ફરક છે.

હવે હિન્દુ પરંપરાનું બ્રહ્માંડ કેવું છે એ જોઈએ. હિન્દુ અને જૈન પરંપરા ના બ્રહ્માંડમાં ઘણું સામ્ય છે. એ અહીં જોઈ શકાશે આપણે ત્યાં 14 રાજલોકને ત્રીસરાવ સંપુટ જેવો બતાવવામાં આવ્યો છે જ્યારે હિંદુ પરંપરામાં બ્રહ્માંડ એટલે અંડ શબ્દ આવે છે અને ઈંડુંહંમેશા લંબગોળ આવે એવું  લંબગોળ આકારનું બ્રહ્માંડ છે એવું અહીં બતાવવામાં આવ્યું છે. હિન્દુ બ્રહ્માંડમાં પણ મેરુ પર્વત ઇત્યાદિ બધું જ આપણને મળે છે. આધુનિક વિજ્ઞાન પ્રમાણે પણ બ્રહ્માંડ કેવું છે તેનું વિડીયો પણ આપણે અહીં જોઈ શકીએ છીએ. હિન્દુ પરંપરા નું બ્રહ્માંડ અને જૈન પરંપરા નું બ્રહ્માંડ નો આધુનિક વિજ્ઞાન સાથે કોઈ મેળ મળતો નથી એટલે એટલે આપણને ઘણા બધા પ્રશ્નો થાય અને એના જવાબ મેળવવા ની ઈચ્છા થાય એ સ્વાભાવિક છે હવે આપણે થોડાક પ્રશ્નો જોઈ લઈએ છીએ.

i) Shape of our Earth is flat and it is stationary. પૃથ્વીનો આકાર ચપટો છે અને તે સ્થિર છે.

(As per science, it is spherical and rotates around its axis, which is also inclined by 3.5 degree on its axis.)

આપણે પૃથ્વીને ચપટી માનીએ છીએ અને સાથે સાથે એને સ્થિર માનીએ છીએ. જ્યારે એની સામે વિજ્ઞાન પ્રમાણે પૃથ્વી દડા જેવી ગોળ છે અને તે પોતાની ધરી ઉપર ફ રે છે, તથા 23.5 અંશ નમેલી છે. આ પ્રમાણે આ વિજ્ઞાનની માન્યતા છે. તેની સામે આપણી જે માન્યતા છે એ એનો કોઈ મેળ મળતું નથી એટલે આપણા મનની અંદર પ્રશ્નો ઉપસ્થિત થાય જ છે. સામાન્ય રીતે પ્રશ્ન ક્યારે ઉપસ્થિત થાય જો એક જ પ્રકારનું વર્ણન બધે મળતું હોય તો પ્રશ્ન ઉપસ્થિત ન થાય. પણ ભિન્ન ભિન્ન પ્રકારનું વર્ણન મળતું હોય તો એમાંથી કયું સાચું એ અંગે નો પ્રશ્ન

ઉપસ્થિત થાય છે. કલ્પસૂત્ર ની અંદર ગણધર વાદ આવે છે એમાં 11 ગણધર એમને જ પ્રશ્નો ઉપસ્થિત થયા એના કારણ બે હોય છે અમુક વાક્યનું જે અર્થ હોય એના કરતા બીજા પ્રકારનો અર્થ નીકળે એવું વાક્ય મળે અને એ વાક્ય મળતું હોય ત્યારે પ્રશ્ન થાય કે હકીકતમાં આ વસ્તુ છે કે નહીં. જેમ કે આત્માની વાત આવી તો વેદના વાક્ય ની અંદર એક જગ્યાએ એવું આવે પંચમહાભૂત સ્વરૂપ આજે આત્મા છે એ જ આત્મા છે એ પાંચ ભૂત સિવાય આત્મા જેવી બીજી કોઈ વસ્તુ છે જ નહીં આવું વેદ વાક્ય આવે છે. એની સામે બીજા વેદ વાક્ય એવા આવે છે કે આત્મા જેમાં આત્માના અસ્તિત્વની વાત બતાવી હોય છે એટલે આત્માનું અસ્તિત્વ તો છે કે નહીં એવા પ્રશ્નો ઉપસ્થિત થાય. એ જ રીતે અહીં જૈન પરંપરા અને હિંદુ પરંપરામાં પૃથ્વીને ફ્લેટ એટલે કે ચપટી બતાવવામાં આવી છે થાળી આકારની બતાવવામાં આવી છે અને એને સ્થિર બતાવવામાં આવી છે જ્યારે આધુનિક વિજ્ઞાન દડા જેવી ગોળ પોતાની ધરી ઉપર ફરતી અને સૂર્યની આજુબાજુ ફરતી અને સાથે સાથે 23 ડિગ્રી નમેલી બતાવવામાં આવી છે એટલે સ્વાભાવિક રીતે આપણા બધાના મનમાં પ્રશ્ન થાય કે તો ખરેખર સાચું શું છે.

ii) Maha Videha Kŝetra is located north of Bharat Kŝetra and is geographically connected with it by a land mass. MVK is spread in the East west direction of mount ery.

મહાવિદેહ ક્ષેત્ર ભરત ક્ષેત્રની ઉત્તરે છે અને તે મેરુપર્વતની પૂર્વ તથા પશ્ચિમ દિશામાં છે. આપણે પૃથ્વીની ચારે તરફ પ્રદક્ષિણા કરીએ છીએ એની આજુબાજુમાં આવું કોઈ ક્ષેત્ર જોવા મળતું નથી એટલે આપણા મનમાં શંકા થાય કે ક્ષેત્ર છે કે નહીં મહાવિદેહ ક્ષેત્ર ખરેખર છે કે નહીં. હકીકતમાં આ ક્ષેત્ર છે જ અને એનું કારણ પણ એ છે કે આપણે ત્યાં મહાપુરુષો ચરિત્ર આવે એમાં પૂર્વ ની વાત આવે ત્યારે એમાં મહાવિદેહ ક્ષેત્રમાં એમનો જન્મ થયો હોવાનું વર્ણન મળે છે એટલે આ ક્ષેત્ર જૈન પરંપરામાં ખરેખર છે જ એટલે વિજ્ઞાનમાં પણ એવી રીતે આ પ્રકારની પૃથ્વી હોવાની સંભાવના છે

iii(As per science, we have gone all round the Earth, but have not located any MVK, where 4 Viharmans could bewandering.) સમગ્ર વર્તમાન પૃથ્વી ઉપર મહાવિદેહ જેવું કોઈ ક્ષેત્ર છે.

ભરત ક્ષેત્રની અંદર રાત્રિ હોય ત્યારે મહાવિદેહ ક્ષેત્રની અંદર દિવસ હોય અને મહાવિદેહ ક્ષેત્રની અંદર રાત્રિ હોય ત્યારે ભરતક્ષેત્રની અંદર દિવસ હોય આવું જૈન ગ્રંથોમાં બતાવવામાં આવ્યું છે. હવે આપણે વિચારીએ તો ભારતમાં દિવસ હોય ત્યારે અમેરિકામાં રાત્રી હોય અને ભારતમાં રાત્રી હોય ત્યારે અમેરિકામાં દિવસ હોય તો શું અમેરિકાએ મહાવિદેહ ક્ષેત્ર છે આવો પ્રશ્ન આપણને ઉપસ્થિત થાય એટલે એનું અસ્તિત્વ કઈ રીતે છે અને ત્યાં તીર્થંકર પરમાતાનું અસ્તિત્વ છે કે નહીં એ પ્રશ્નો આપણને ઉપસ્થિત થાય અહીં જે પ્રમાણે મહાવિદેહ ક્ષેત્ર બતાવવામાં આવ્યું છે એ પ્રમાણે નથી પણ આ ક્ષેત્ર છે પણ કઈ રીતે એનું અસ્તિત્વ છે એમ સ્ટેટસ સ્ટેટસ બતાવવામાં આવી છે સ્ટ્રેટેજીકલ મેપ ની પદ્ધતિ જ બતાવવામાં આવી છે એ પ્રમાણે બતાવવામાં આવશે.

******************************************************************